Re-Accredited Grade 'B' by NAAC (CGPA 2.81)
Celebrating 25 years of Excellence
શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

# ડો. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

## આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી મહિલા કોલેજ, પોરબંદર

## डॉ. विरमभाई राजाभाई गोढाणिया महाविद्यालय, पोरबंदर

UGC No. F.8-121/89 (CPP.I) Dated 14-08-1993 • Sau. Uni. Code : 22005 • D.E. College Code : 73 • D.E. Grant Code : 264 • D.E. Zone Code : 94

તા. ૩૦-૧૧-૨૦૧૩.

**ડો. વી.આર. ગોઢાણિયા કોલેજનાં ભુતપૂર્વ વિદ્યાર્થીનીની સિધ્ધી.**

ડો. વી.આર. ગોઢાણિયા કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીની ગાધેર અંજના રામજીભાઈએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર ડિપાર્ટમેન્ટમાં એમ.એ. ની ૨૦૧૩ માં લેવાયેલ પરીક્ષામાં ૬૮.૯૦% મેળવી (ગર્લ્સ વિભાગમાં) પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી તેમને ગોલ્ડમેડલ એનાયત થયેલ છે જે કોલેજનું ગૌરવવંતુ આગવું સ્થાન ગણાય.

સંસ્થાના પ્રમુખ શ્રી ડો. વિરમભાઈ ગોઢાણિયા તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓએ વિદ્યાર્થીનીનેઆ સિધ્ધી મેળવવા બદલ ખૂબ-ખૂબ અભિનંદન પાઠવેલ છે. તેમજ સંસ્થાના પ્રિન્સિપાલશ્રી ડો. અનુપમ નાગરસાહેબ, અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. ઈલાબહેન થાનકી તથા ડો. ભાવનાબહેન કેશવાલાએ વિદ્યાર્થીનીને આ સિધ્ધી બદલ અભિનંદન પાઠવેલ છે.

કોલેજની મુલાકાતમાં તેમણે જણાવ્યું હતું કે તેના ભૂતકાળના સંઘર્ષનાં અનુભવો ઉપરથી તેમને બોધપાઠ મળેલ છે તે વિષેની ટ્રસ્ટીશ્રી શ્રી ભરતભાઈ વિસાણા સાથે ચર્ચા કરેલી.

" સંઘર્ષ છે ત્યાં જ સિધ્ધી કે સફળતા " પણ પુરૂષાર્થથી પ્રાપ્ત થાય છે તેવું આર્શિવચન આપી અને દિકરીઓનું બહુમાન શ્રી ભરતભાઈ વિસાણાએ તેમને આર્શિવાદ સાથે પાઠવેલ છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે પણ દિશા કંડારેલી છે.

તેમની સાથે અભ્યાસ કરતા બાલસરા નિલમ ભુપતભાઈએ એમ.એ. માં ૬૮% તેમજ વસાવા રીના સોનુસિંહએ ૬૨% સાથે પ્રથમ વર્ગ મેળવેલ છે. તેમને પણ સંસ્થા તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ છે.

તેમના માતા-પિતાનું પણ તેમની દિકરીઓના ઉજ્જવળ ભવિષ્યમાં ખૂબ સંઘર્ષભર્યુ યોગદાન રહેલું છે. તેમને પણ સંસ્થા તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ છે.

(ડો. અનુપમ આર. નાગર)
પ્રિન્સિપાલ

એમ.જી.રોડ, ખીજડી પ્લોટ, પોરબંદર - ૩૬૦ ૫૭૫ ફોન : (૦૨૮૬) ૨૨૪૭૭૦૯, ફેક્સ : ૨૨૪૬૮૬૬
Website : www.drvrginstitute.org E-mail : drvrgodhaniaihl@rediffmail.com